# મોડાસાથી ટીંટોઈ રેલલાઈન સર્વેમાં વાઘોડિયાના ૫૦ મકાનોને નુકસાન, ભારે રોષ

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાથી ટીંટોઈ સુધી રેલ લાઈન મંજુર થયા બાદ રેલવે તંત્ર દ્વારા સર્વેની કામગીરી કરવામાં



આવતા રેલલાઈનના સર્વેમાં આવતા ૩૦થી વધુ ગામના લોકો દ્વારા અનેકવાર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો અને હજુ પણ રેલવે લાઈનનો વિરોધ યથાવત જોવા મળી રહ્યો છે. મોડાસાથી ટીંટોઇ રેલવે લાઈનના સર્વેમાં આવતા વાઘોડિયા ગામના ૫૦થી વધુ રહેણાંક મકાનોને નુકસાન થતું હોવાથી ગામલોકો દ્વારા રેલવેતંત્રના સર્વેનો ઉગ્ર વિરોધ નોંધાવી રેલવેલાઈન વાઘોડિયાના રહેણાંક મકાનોથી દૂર કાઢવા જણાવી તેમની માંગ નહિ સંતોષાયતો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ઉગ્ર વિરોધના પગલે પોલીસનો મોટો કાફલો ખડકી દીધો હતો. મામલતદારે ઘટનાસ્થળે પહોંચી ગ્રામજનો સાથે ચર્ચા કરી માંમલો



થાળે પાડ્યો હતો.

અરવલ્લીના મોડાસા ટીંટોઇ રેલવે સર્વે ઘણા સમયથી હાથ ધરાઈ રહ્યો છે. અનેક વિરોધ બાદ પણ સર્વે શરૂ રહેતા અનેક અવરોધો વચ્ચેથી રેલતંત્રને પસાર થવું પડે છે. બુધવારે સવારે ૧૦ વાગ્યાના સુમારે રેલતંત્ર દ્વારા વાઘોડિયા ગામ નજીક સર્વેની કામગીરી હાથ ધરાતા મોટા વાઘોડિયાના ૨૦૦થી વધુ લોકો રેલ સર્વેનો વિરોધ કરવા ઉતરી પડ્યા હતા અને રોષપૂર્વક જણાવ્યું હતું કે ખેતી લાયક જમીનો સર્વેમાં જતી રહી અને સર્વેમાં ગામના ૫૦થી વધુ મકાનોને નુકશાન થવાનું સર્વેમાં જણાતા ગામલોકો એ ના છૂટકે રેલવે લાઈનના



સર્વેનો વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ગામલોકો ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી જણાવ્યું હતું કે સરકાર દરેક પરિવાર ઘર વિહોણુ ન રહે તે માટેની મોટી મોટી જાહેરાતો કરે છે પરંતુ અહીં તો તૈયાર મકાનોને સર્વેના કારણે નુકશાન થઈ રહ્યું છે. આ મામલે લોકોના ટોળા જ્યા સર્વે કામગીરી હાથ ધરાઈ રહી હતી ત્યાં આવી પહોંચી વિરોધ નોધાવ્યો હતો. પરિસ્થિતિ વધુ ન વણશે તે માટે અરવલ્લી પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. મોડાસા મામલતદાર અને પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓ પણ સર્વે સ્થળની મુલાકાત લઈ મામલાને થાળે પડવાના પ્રયાસો હાથ ધરાયા હતા. જોકે ગામલોકોએ જણાવ્યું હતુ કે અમને ન્યાય નહીં મળે તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ઊંઝા માર્ગ પર લૂંટના ઈરાદે વેપારીની કાર પર ફાયરીંગ

ઊંઝા, તા. ૩૧

ગત મોડી સાંજે ઊંઝા-ડાભી માર્ગ પર મોટરકાર હંકારીને ઘર તરફ જતા સોના-ચાંદીના ધંધાર્થીની કારને પાછળથી બોલેરો ગાડીએ ટક્કર મારી અંદરથી ઉતરેલા પાંચથી છ જેટલા બુકાનીધારી ધાડપાડુઓની ટોળકીએ હવામાં ફાયરીંગ કરી ધાડનો પ્રયાસ કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી ફેલાઈ છે.

બનાવની વિગત એવી છે કે ઊંઝા નજીકના સુરજનગર (ડાભી) ગામે રહેતા ભરતભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ ઊંઝા ખાતે શિલ્પ કોમ્પલેક્ષમાં કેશરભવાની નામે જ્વેલર્સની દુકાન ધરાવે છે. નિત્યક્રમ મુજબ ગઈકાલે મોડી સાંજે આ ધંધાર્થી દુકાન બંધ કરીને પોતાની આઈટેન મોટરકાર હંકારીને સુરજનગર ઘરે જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં સિંહીથી પાછળ એક બોલેરો ગાડી આવતી હોઈ તેને આગળ વધવા સાઈડ આપતાં અચાનક પાછળથી બોલેરો ગાડીએ આઈટેન કારને ટક્કર મારી હતી. જેથી આ કાર રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી. બાદ બોલેરોમાં સવાર પાંચથી છ જેટલા સશક્ત બુકાનીધારી શખ્સો જેઓએ હાથમાં ધોકા તથા રીવોલ્વર ધારણ કરેલ હતા તે પૈકી એક શખ્સે હવામાં ફાયરીંગ કરી ધંધાર્થીને ભયભીત કરેલ હતો. આ સમયે ગ્રામ્ય માર્ગ પરથી કેટલાક વાહનો નીકળતા ધંધાર્થીએ ચોર ચોરની બુમરાણ કરી હતી. આથી ધાડપાડુ ટોળકી બોલેરો કારમાં બેસીને ઝડપથી ક્યાંક ફરાર થઈ ગયા હતા.

આમ ઊંઝા નજીકના ડાભી ગ્રામ્ય માર્ગ પર મોડી સાંજે જ્વેલર્સને લૂંટી લેવાના ઈરાદે અજાણ્યા હથિયારધારી શખ્સોએ હવામાં ફાયરીંગ કરીને ધાડ પાડવાનો પ્રયાસ કરતાં આ વિસ્તારના લોકોમાં ભયની લાગણી પ્રસરી છે. દરમિયાન ઉપરકોક્ત ગંભીર ઘટના સંદર્ભે ઉનાવા પોલીસમથકે કોઈ જ ગુનો નોંધાયો નથી. ફક્ત અરજીના આધારે પોલીસે જાણવા જોગ નોંધ કરીને તપાસ હાથ ધરી છે. આથી પોલીસની કાર્યશૈલી સામે પ્રજામાં શંકા કુશંકાઓ જાગી છે.

# ભારત પાકિસ્તાન સરહદેથી ઘાયલ અવસ્થામાં મળી આવ્યો અફઘાની બાજ

## સૈન્યના જવાનો દ્વારા વન વિભાગની ટીમને જાણ કરી પ્રાથમિક તપાસ કરાવી

બનાસકાંઠા જીલ્લાને અડીને આવેલ ભારત પાકિસ્તાન સરહદ પરની ઝીરો લાઈન સ્થિત પીલ્લર નંબર ૯૬૦ નજીકથી ગત બે મહિના અગાઉ બીએસએફના જવાનોને એક અફઘાન મૂળનું દુર્લભ બાઝ ઘાયલ હાલતમાં મળી આવ્યો હતો. જ્યાં પ્રથમ તો તેનો જાસૂસ તરીકે ઉપયોગ કરવામાં આવે છે કે કેમ તેની ખાતરી કર્યા બાદ બીએસએફના જવાનોએ તેને ઘાયલ હાલતમાં થરાદ વન વિભાગની ટીમને સોંપ્યો હતો. જ્યાંથી તેને પ્રથમ ડીસા વેટરનરી કોલેજમાં લઈ જઈ એક્સરે પાડવામાં આવ્યો હતો.



બાદમાં પાલનપુર વન વિભાગની કચેરીએ સારવાર માટે લવાયો હતો. જ્યાં તેની કેટલીક પાંખો ક્ષતિગ્રસ્ત થતા તેની વન વિભાગના તબીબ દ્વારા સારવાર કરવામાં આવી હતી. હાલ પણ બાઝને વન વિભાગની નિગરાની હેઠળ રાખી દિવસ-રાત તેની સેવા સુશ્રુષા કરવામાં આવી રહી છે. પાલનપુર વનવિભાગ ખાતે જિલ્લા વન અધિકારીના માર્ગદર્શન હેઠળ બાઝ સંભાળ રખાય છે.એક મહિના સુધી અહીં રખાશે ઉચ્ચ કક્ષાએથી સૂચના મળ્યા બાદ સલામત જગ્યાએ છોડી દેવાશે.

બી.કે ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં આર.એફ.ઓબી.એસ.સિંધી એ જણાવ્યું હતું કે ભારતમાં ભાગ્યે જ દેખવા મળતા આ બાઝ સામાન્ય બાઝ નથી જ્યારે તે અહીં લવાયો ત્યારે તેની હાલત ખૂબ જ વિક હતી. રોજે રોજ તેની દેખરેખ રાખું છું. રોજ ૭૦૦ ગ્રામ જેટલું માંસ તેને આખા દિવસ દરમ્યાન આપવામાં આવે છે. તેનું વઝન અંદાજિત ૪ કિલો જેટલું છે. રોજનું બે લીટર જેટલુ પાણી પણ પી જાય છે. હાલ તે ઊંચે ઉડી શકતો નથી. જોકે તે પાંખો ફેલાવતા ચાર ફૂટ પહોળો થઈ જાય છે.

# નર્મદાની પેટા નહેરોના ગેટના તાળાં તોડી કરાતા નુકશાન અંગે પોલીસ ફરીયાદ

## કચ્છ શાખા નહેર વિભાગ દ્વારા આવા શખ્સો સામે કાર્યવાહી કરવા માંગણી

થરાદ, તા. ૩૧

બનાસકાંઠાના સરહદી થરાદ વાવ તાલુકામાંથી પસાર થતી નર્મદાની વિશાખા તથા પ્રશાખા



નહેરો છાસવારે તુટતી હોવાના કારણે ખેડૂતોને વ્યાપક નુકશાન થતું હોય છે. ત્યારે ખેડૂતો દ્વારા નર્મદા વિભાગના અધિકારીઓ અને કોન્ટ્રાકટરોની મીલીભગતના કારણે નબળી ગુણવત્તાના બાંધકામના આક્ષેપો કરવામાં આવતા હોય છે. જેની વચ્ચે નર્મદા વિભાગે અજાણ્યા શખ્સોના કારણે નુકશાન થતું હોવાની થરાદ પોલીસ મથકમાં લેખિત રજુઆત કરવામાં આવતાં ખેડૂત આલમમાં ખળભળાટ મચવા પામ્યો હતો.

સરદાર સરોવર નર્મદા નિગમના કચ્છ શાખા નહેર વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર બી.આર. પટેલ દ્વારા મંગળવારે થરાદ પોલીસ મથકમાં લેખિત રજુઆત કરવામાં આવી હતી. જેમાં અજાણ્યા શખ્સો દ્વારા નર્મદાની જાંદલા વિશાખામાંથી નિકળતી નાગલા અને ડોડગામ પ્રશાખાના ગેટના તાળાં બેથી ત્રણ વખત ગેરકાયદેસર તોડીને નહેરને વારંવાર નુકશાન કરવામાં આવ્યું છે. શખ્સો દ્વારા લોક તોડવાના કારણે નહેર ઓવરટોપિંગ થાય છે અને આજુબાજુના ખેતરોમાં પાણી ભરાઈ જાય છે. આથી પોલીસ દ્વારા તપાસ કરીને આવા શખ્સોને રોકવામાં આવે તો શહેરના છેવાડાના ખેડૂતોને પણ આપી શકીએ અને નહેરનો પણ બચાવ થઈ શકે છે. આ બાબતે ફરિયાદ લેવા પણ જણાવવામાં આવ્યું હતું. પોલીસે આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ધનસુરાનો છાત્ર ફરી સ્કોલરશિપની પરીક્ષામાં ધનસુરા તાલુકામાં પ્રથમ નંબરે



ધનસુરાના સહજ પંકજભાઈ પટેલે જી.જી.ઈ. રાજ્ય સરકાર બોર્ડ દ્વારા લેવાયેલી સ્કોલરશિપની પરીક્ષામાં ૧૫૩ ગુણ મેળવી ધનસુરા તાલુકામા પ્રથમ નંબર મેળવ્યો છે આ અગાઉ સહજ પંકજભાઈ પટેલે કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી NMSSની પરીક્ષામા પણ ૧૪૭ ગુણ મેળવી ધનસુરા તાલુકામાં પ્રથમ નંબર મેળવ્યો હતો. આ સિધ્ધિ મેળવતા ગામના સરપંચ યશવંતભાઈ ડી પટેલ સહિત ગામના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## પાલનપુરમાં ભાજપ શાસિત નગરપાલિકાની સાધારણ સભામાં

# રોડ-ખાડાના સમારકામમાં ૪૫ લાખના બોગસ બિલ મામલે વિપક્ષનો ઉગ્ર વિરોધ

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા પાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ અશોક ઠાકોરના અધ્યક્ષપદે યોજાઈ હતી. આજની આ સાધારણ



સભામાં પ્રમુખ નિલમબેન જાની અને ચીફ ઓફિસર પંકજ બારોટ ગેરહજાર રહ્યાં હતા. પાલિકાની પ્રથમ એવી સાધરણ સભા છે જેમાં પ્રમુખ અને ચીફ ઓફિસર બન્ને એકી સાથે સાધારણ સભા ગેરહાજરી જોવા મળી હતી અને આજની સભા ઈન્ચાર્જ પ્રમુખ અને ઈન્ચાર્જ ચીફ ઓફિસર હાજરીમાં યોજાઈ હતી. આજની આ સાધારણ સભામાં ગત વર્ષના આવક અને જાવકના ખર્ચના આંકડા સહિત અન્ય એજન્ડાને મંજુર કરવામાં આવ્યા હતા. જોકે ખર્ચમાં બોગસ બીલો બન્યા હોવાના વિપક્ષે શાસક પક્ષ પર આરોપ કર્યા હતો. જેમાં માત્ર પાલનપુર શહેરમાં નવીન રોડ બનાવમાં રસ દાખવી ભ્રષ્ટાચાર થયો હોવાની ચર્ચા થઈ છે મહત્વ એ છે પાલનપુર શહેરમાં નવીન રોડમાં વરસાદમાં પડેલ ખાડાના સમારકામમાં પાલિકાના સત્તાધીશોએ ૪૫ લાખનો પ્રજાના પૈસાના ધુમાડો કરી ગેરરીતિ આચરી હોવાનું પાલિકાના વિપક્ષ નેતા અમૃત જોશીએ ભાજપના શાસક પક્ષ પર ગંભીર આરોપ કર્યા હતા.

# અરવલ્લીના ગ્રામિણ વિસ્તારોના વિકાસને બજેટમાં અગ્રતાની માંગ

અરવલ્લી જિલ્લા પંચાયતની યોજાયેલી સામાન્ય સભામાં એજન્ડા મુજબના કામો અંગેના નિર્ણયો કરવામાં આવ્યા હતા. સભામાં જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવ્યું હતું કે જિલ્લામાં આવેલી સ્ટેમ્પ ડ્યુટીની ૮૦ લાખ જેટલી ગ્રાન્ટ તથા સ્વભંડોળમાંથી ૪૦ લાખ મળી કુલ ૧.૨૦ કરોડનો ઉપયોગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં પાયાની સુવિધા જેવી કે પીવાનું પાણી, ગ્રામીણ વિસ્તારમાં એપ્રોચ રોડ, શાળાના ઓરડાની મરામત તથા આંગણવાડીમાં સુધારા જેવી પ્રાથમિક જરૂરિયાતોમાં થાય તે જરૂરી છે. જિલ્લા પંચાયતના સદસ્યો તરફથી ગ્રામીણ વિસ્તારમાં સુચન મેળવવા જણાવાયું છે.

બેઠકમાં અરવલ્લી જિલ્લા પંચાયતના નવીન બિલ્ડીંગની કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી હતી. આ નવીન બિલ્ડીંગમાં વહેલામાં વહેલીતકે જિલ્લા પંચાયતની કચેરી કાર્યરત થાય, જિલ્લાના ગ્રામીણ વિસ્તારના અરજદારોને તકલીફ ન પડે અને જિલ્લા પંચાયતના સદસ્યો, અધિકારીઓ તથા કર્મચારીઓ કચેરીનો ઉપયોગ સારી રીતે કરી શકે તે બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં પેસા એક્ટ હેઠળ શિડ્યુલ એરીયામાં આવેલી સરકારી હોસ્પિટલને કોઈ સ્વૈચ્છિક સંસ્થાને સુપ્રત કરવા અંગેની વિચારણા રાજ્ય સરકારમાં હાલમાં ચાલી રહી છે. ચર્ચાના અંતે રાજ્ય સરકારને પંચાયત હસ્તકની કોઈપણ હોસ્પિટલ કે મિલ્કત સ્વૈચ્છિક સંસ્થાને ન સોંપવા અથવા ખાનગીકરણ ન કરવા માટે દરખાસ્ત તૈયાર કરવા ઠરાવવામાં આવ્યું હતું.



## ધનસુરામાં શ્રી વિશ્વકર્મા ભગવાનની જયંતિની ઉજવણી

દેવતાઓના સ્થપતિ (આર્કિટેક્ટ) તરીકે જેમની ગણના થાય છે તેવા દેવ સ્થપતિ શ્રી વિશ્વકર્મા ભગવાનની જન્મ જયંતિ ભવ્યાતીભવ્ય રીતે ઉજવવામાં આવે છે. ૨૯-૧-૧૮ના રોજ અરવલ્લીના ધનસુરામાં પંચાલ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી વિશ્વકર્મા ભગવાનના મંદિરે શ્રી વિશ્વકર્મા જયંતિની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. શ્રી વિશ્વકર્મા જયંતિની ઉજવણી નિમિત્તે ધનસુરા વિશ્વકર્મા મંદિરે વિશ્વકર્મા ભગવાનની પૂજા અર્ચના કરી ધનસુરા ગામમાં શ્રી વિશ્વકર્મા ભગવાનની શોભાયાત્રા વાજતે ગાજતે નીકાળવામાં આવી હતી. અરવલ્લીમાં ધામધૂમપૂર્વક શ્રી વિશ્વકર્મા ભગવાનની જયંતિની ઉજવણી કરાઈ હતી. સમાજના લોકો માટે સમુહ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી વિશ્વકર્મા જયંતિની ઉજવણી ધનસુરામાં ધામધૂમથી કરી હતી.

# થરાદના માંગરોળમાં જાંબુડાવાળી માનો મેળો ભરાયો

થરાદ, તા. ૩૧

બનાસકાંઠા જિલ્લાના અંબાજી પછી બીજે નંબરે આવતું યાત્રાધામ એટલે થરાદ તાલુકાનું માંગરોળ ગામ અહીં દર મહિનાની અજવાળી તેરસ ચૌદસ અને પૂનમના દિવસે હજારો ભક્તો જાંબુડાવાળી માના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

થરાદના માંગરોળ ગામે મા સેણલનું મંદિર આવેલું છે. અહીં દરેક સમાજના લોકો માના દર્સને આવે છે. અહીં કોઈ અજુકતી ઘટના ના બને તેમજ ટ્રાફિકની સમસ્યા ના વધે તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવે છે. થરાદના માંગરોળમાં વર્ષો જુનું જાંબુડાનું ઝાડ પૂજાય છે. દર તેરસ અને ચૌદસે ભવ્ય લોકમેળો ભરાય છે. માંગરોળ ગામે આમ તો સુદી એકમથી પૂનમ સુધી જાંબુડાવાળી માતાના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર ઉમટે છે. અહીં દર ચૌદસે લોકમેળો ભરાય તેમાં સ્ત્રીઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે. અહી સ્ત્રીઓને 'વેહડો' પહેરાય છે. બીમાર બેન તેમજ ભાઈઓ પણ અહી તેને મન ગમતા કપડા પહેરવાથી તમામ દુઃખો મટી જતાં હોવાની લોકવાયકા છે. દર ચૌદસે ભવ્ય લોકમેળો ભરાય છે.

અહીં પ્રસાદીમાં ચોખ્ખા ઘીની સુખડી ચડાવાય છે, અને નાના બાળકોને ગોળ-સાકરથી પોતાની બાધા પ્રમાણે તોલવામાં આવે છે તેથી દરેક માઈભક્તોની સુખ-સમૃદ્ધી અને મનોકામના જાંબુડાવાળી પૂરી કરે છે. આ જાંબુડાવાળીએ શેણલ માતાનુ નવિન મંદિર ગાંધાર શૈલીમાં નિર્માણ પામી રહ્યુ છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ આ જાંબુડો અને માતાનુ સ્થાનક ૭૦૦ વર્ષ જુનુ છે અહીં હજારો કિલોમીટર દૂરથી માઈ ભક્તો માના દર્શન આવે અને કેટલાક લોકો તેમની માનતા પ્રમાણે ચાલતા દર્શને પણ જાય છે.



મોડાસા નગરમાં નગરપાલિકા દ્વારા નગરમાં ઠેર ઠેર આડેધડ ગટર અને રોડના કામ ચાલે છે. આ કામ છેલ્લા બે મહીનાથી ગોકળગાય ગતીએ ચાલે છે. આ કામ પણ હલકી ગુણવત્તા અને રો મટીરીયલમાં થઈ રહ્યો છે. હાલ હોટલ પૂર્ણિમા આગળ જે ગટરને રોડનુ કામ થયુ છે તે લેવલ વગરનુ થાય છે. બે મહીનાથી ચાલતા આ કામથી વેપારીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા છે. આ કામ જલદીથી અને સારૂ થાય તેવી લોકોની માંગ છે.